મોજે ટુંકીના સર્વે નં. ૬૩/૧ તથા ૬૩/૨, સીટી સર્વે મુજબ વોર્ડ-ટુંકી, નોંધ નં.એન.એ. ૬૩/૧/પૈકી ૨ તથા એન.એ.૬૩/૨/પૈકી ૨ વાળી જમીન ઉપર કરવામાં આવનાર ગેરકાયદેસરના પ્રોજેક્ટ કલાસીક ઈન્ફ્રા અંગે જાહેર નોટીસ

જત, આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, શહેર સુરતની વધારેલ હદ વિસ્તારમાં સમાવિષ્ટ તથા હાલ કતારગામ તાલુકા તરીકે ઓળખાતા મોજે : ટુંકીના રેવન્યુ સર્વે નં. ૬૩/૧ તથા સર્વે નં. ૬૩/૨ જે સીટી સર્વે દફતરે વોર્ડ ટુંકી નોંધ નં.એન.એ.૬૩/૧/પૈકી ૨ તથા એન.એ.૬૩/૨/પૈકી ૨ જે ગામ નમુના નં.૭ અને ૧૨ મુજબ ૬૩/૧/પૈકી/૧ તથા ૬૩/૨/પૈકી/૧ થી ઓળખાય છે તે જમીન ઉપર ''સહયોગનગર પાવરલુમ વિવર્સ કો.ઓ. સોસાયટી'' ના નામથી કુલ્લે ૧૯૫ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટોનું આયોજન કરવામાં આવેલ તેમજ સદર સહયોગનગર સોસાયટીએ ધી ગુજરાત કો.ઓ. સોસાયટી એકટ અન્વયે જીલ્લા રજીસ્ટ્રાર મંડળીની કચેરીમાં તા.૨૨-૦૩-૧૯૭૯ ના રોજ રજીસ્ટર નં.ઉ.૨૮૬૯/૭૯ થી નોંધાયેલ છે જે સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી ધ્વારા તેમાં પાડવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો તેના સભાસદ પાસેથી અવેજ મેળવી વેચાણ કરવામાં આવેલ છે. તેમજ તે સંદર્ભે સોસાયટી તરફથી નાણાં મળ્યાની પહોંચ અને કબજા સહિતના વેચાણ કરાર ઉપરાંતના લખાણો તથા કરારો જે તે પ્લોટ ખરીદનારના લાભમાં કરી આપવામાં આવેલ. ઉપરોકત સોસાયટીમાં આવેલ નવા પ્લોટ નં.૧૦, ૭૮, ૧૪૬, ૧૧૨, ૧૨૨, ૮૪, ૧૧૯, ૧૨૫, ૧૨૬, ૧૮૧, ૧૪૭ સહિતના પ્લોટો અમારા અસીલ પોપટભાઈ હિરજીભાઈ કોશીયા વિગેરેનાઓએ તેના અગ્રહકકધારીઓ પાસેથી કાયદેસરના કિંમતી વેચાણ અવેજ બદલ કબજા સહિતના વેચાણ કરારથી વેચાણ રાખેલ છે. તેમજ આ પ્રમાણે સદરહું પ્લોટો અમારા અસીલના સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી હકક, કબજા ભોગવટાના ચાલી આવેલ છે જે મુજબની સ્પષ્ટ હકીકત હોવા છતાં સદરહું જમીનના અગાઉના માલિક અમૃતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેનાઓએ જમીનમાં રહેલ અમારા અસીલોનો કાયદેસરનો હકક પચાવી પાડવા ઉપરોકત જમીન પૈકી સર્વે નં.૬૩/૧ વાળી જમીન પૈકી ૬૪૨૪.૫૦ ચોરસ મીટર જમીન સંદર્ભે મેસર્સ કલાસીક ઈન્ફ્રાની તરફેણમાં તા.૨૬-૦૯-૨૦૨૫ ના રોજ ગેરકાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૪૩૧૧/૨૦૨૫ નો કરી આપેલ છે તે પ્રમાણે સર્વે નં.૬૩૨ વાળી જમીનના અગાઉના માલિક ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ પટેલના વારસદારો સવિતાબેન ઈશ્વરભાઈ અને ફકીરભાઈ ઈશ્વરભાઈનાએ રેવન્યુ રેકર્ડ ઉપર ચાલતા પોતાના નામનો ગેરલાભ લઈ તેમના મળતીયા ઈશ્વરભાઈ માધુભાઈ નારોલાની તરફેણમાં ગેરકાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૨૮૬/૨૦૦૩ કરી આપેલ અને તેવા દસ્તાવેજથી ઈશ્વરભાઈ નારોલાને કોઈ હકક કે અધિકાર ન હોવા છતાં તેમના મળતીયા મેસર્સ કલાસીક ઈન્ફ્રાની તરફેણમાં વધુ ગુચવાળા ઉભા કરવા માટે ગેરકાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૩૦૦૧/૨૦૨૫ નો કરી આપેલ. જે ગેરકાયદેસરના દસ્તાવેજની જાણ થતા અમારા અસીલ પોપટભાઈ કોશીયા વિગેરેનાઓએ તાત્કાલિક તેવા ગેરકાયદેસરના દસ્તાવેજો સેટેસાઈડ કરાવવા તથા જમીન સંદર્ભે જાહેરાત તથા જાથુકની મનાઈ મેળવવા માટે મહેરબાન સુરતની સીવીલ કોર્ટમાં સ્પેશયલ દિવાની મુકદમા નં.૧૦૨/૨૦૨૬ થી સીવીલ દાવો દાખલ કરેલ છે. જે દાવા સાથે દાવાવાળી જમીન પરત્વે આંક-૫ થી મનાઈ અરજી પણ આપેલ છે જે દાવો નામદાર સીવીલ કોર્ટમાં સુનવણીના તબકકે પેન્ડીંગ છે. એટલું જ નહી પરંતુ ઉપરોકત દાવા સંદર્ભે અમારા અસીલોએ ટ્રાન્સફર ઓફ પોપર્ટી એકટની કલમ-૫૨ હેઠળની લીસ પેન્ડન્સીની નોટીસ પણ મહેરબાન સુરતની સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૧૦૧૬૧ થી તા.૨૫/૬/૨૬ ના રોજ નોંધાવેલ છે. જે મુજબની સ્પષ્ટ હકીકત હોવા છતાં સદર મેસર્સ કલાસીક ઈન્ફ્રાના નામથી ફકત કાગળ ઉપર પ્રોજેકટનું આયોજન કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી ખોટી રીતે જમીન તબદીલ કરવાના પ્રયત્ન કરવામાં આવી રહયા છે. જેથી જાહેર જનતાએ તેવા મેસર્સ કલાસીક ઈન્ફ્રાના નામથી અગરતો ઉપરોકત જમીન સંદર્ભે કોઈપણ જાતના વ્યવહારો કરવા નહી. તેમ છતાં પણ જાહેર જનતા તેવા ઈસમોની વાતમાં આવી તેવા પ્રોજેકટમાં નાણાંનુ રોકાણ કરશે. તો તેઓને તકરાર સિવાય મિલકતમાં કોઈ હકક પ્રાપ્ત થશે નહી. તેમજ નાછુટકે મારા અસીલને તેવા વ્યવહાર કરનાર ઈસમો વિરૂધ્ધ દિવાની તેમજ ફોજદારી રાહે સખત કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જે કાર્યવાહીમાં થનાર ખર્ચ તથા પરિણામની જવાબદારી જે તે ઈસમના શીરે રહેશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

OFF.:
203/204, Milestone Elements,
Above white crow Next to ISCON Mall,
Opp. Rajhans Cinema Piplod. Surat.
MO- 9879071605

મિનેષ સી. ગજીવાલા
તે સ્પે. દિ. મુ. ૧૦૨/૨૦૨૬ ના વાદી પોપટભાઈ હિરજીભાઈ કોશીયા વિગેરેના એડવોકેટ

કુખ્યાત હિસ્ટ્રીશીટર કલીમ પઠાણના 7 જુલાઈ સુધી પોલીસ રિમાન્ડ મંજૂર

અમદાવાદ, તા. 4: અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારના કુખ્યાત હિસ્ટ્રીશીટર મહંમદ કલીમ ઉર્ફે કલીમ ભૈયા પઠાણની ધરપકડ બાદ તેને ક્રાઈમ બ્રાન્ચે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેના 7 જુલાઈ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. શહેર ક્રાઈમ બ્રાન્ચે ઈસનપુર વિસ્તારના કુખ્યાત હિસ્ટ્રીશીટર મહંમદ કલીમ ઉર્ફે કલીમ ભૈયા પઠાણની ધરપકડ કરી તેને કોર્ટ સમક્ષ રજુ પાંચ દિવસના રીમાન્ડ માગણી કરી રજૂઆત કરી હતી કે આરોપી સામે નોંધાયેલા ગંભીર ગુનાઓ, તેના ગુનાહિત નેટવર્ક, સાગરીતો તેમજ અન્ય સંભવિત ગુનાહિત પ્રવૃત્તિઓ અંગે સઘન પૂછપરછ કરવાની જરૂર છે. દલીલો તેમજ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે કલીમ પઠાણના 7 જુલાઈ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. આરોપી એટલો ખૂંખાર છે કે તેણે જોઈન્ટ પોલીસ કમીશ્નર પર ચપ્પૂથી હૂમલો કરી દીધો હતો. જેથી તેના રીમાંન્ડ જરૂરી હોવાથી આટલા દિવસની પોલીસ કસ્ટડી આપી છે.

: એક વકીલે વર્ષો જૂના વકીલમિત્ર સાથે દોસ્તીમાં દગો કર્યો :

બિપીન રોહિત (વકીલ) એ કપ્લેથાની જમીનના વિદેશમાં રહેતા મુસ્લિમ માલિકોનો પાવર લીધો. પાવરના આધારે ખરીદનાર તરીકે પોતાના નામના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો બનાવ્યા. RTGS થી પુરેપુરો વેચાણ અવેજ લઈ વકીલમિત્રને કબજા સાથેના રજીસ્ટર્ડ સાટાખત કરી આપ્યા. હવે બિપીન રોહિત (વકીલ) કપ્લેથાની જમીન બીજાને વેચવા અને ગુના કરવા સક્રિય થયા છે.

બિપીન રોહિત (વકીલ) એ મને સુપ્રત કરેલા દસ્તાવેજો મુજબ, સુરત, તા.ચોર્યાસી, મોજે ગામ કપ્લેથાના રેવેન્યૂ સર્વે નં.૮૯/૩, નવા રેવેન્યૂ બ્લોક નં.૧૨૦ તથા રેવેન્યૂ સર્વે નં.૮૯/૧, નવા રેવેન્યૂ બ્લોક નં.૧૨૨ વાળી જૂની શરતની ખેડખાતાની જમીન કેનેડામાં રહેતા રશીદ અહમદ મો. ઉકડિયા રાજા તથા સાઉથ આફ્રિકામાં રહેતા સુરૈયા ઈસ્માઈલ તે અહમદ મો. ઉકડિયા રાજાની પુત્રી અને મોહંમદ રાજાની માલિકીની હતી. તેઓ ત્રણેયનો સાઉથ આફ્રિકા મુકામે તા.૧૭/૧૨/૨૦૨૧ ના રોજ પાવર ઓફ એટર્ની બિપીન ડાહયાભાઈ રોહિત (વકીલ), રહેવાસીઃ ૨૧૯-૨૨૦, શિવશક્તિ રો-હાઉસ, પારડી-કણદે, સચીન, સુરતનાએ મેળવ્યો હતો. તે પાવર તેમણે ભારતમાં અમલયોગ્ય બનાવ્યો હતો. ત્યાર બાદ પાવરદાર તરીકે પોતાના નામના બે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો બનાવ્યા હતા, જે ચોર્યાસી, સબ-રજીસ્ટ્રારશ્રી સમક્ષ તા.૧૦/૩/૨૦૨૨ ના રોજ રજૂ થયા હતા અને તા.૬/૩/૨૦૨૩ ના રોજ અનુક્રમ નં.૨૮૪/૨૦૨૩ અને ૨૮૫/૨૦૨૩ થી રજીસ્ટર્ડ થયા હતા.

કપ્લેથાની બ્લોક નં.૧૨૦ અને ૧૨૨ વાળી જમીન માલિકી હક્કે મને વેચાણ આપવા બિપીનભાઈએ વિશ્વાસ આપી મારી પાસેથી બંને જમીનનો પુરેપુરો વેચાણ અવેજ RTGS થી સ્વીકારી મને કબજા સાથેના સાટાખત કરી આપેલા, જે ચોર્યાસી, સબ-રજીસ્ટ્રારશ્રી સમક્ષ તા.૩/૪/૨૦૨૩ ના રોજ અનુક્રમ નં.૪૮૮/૨૦૨૩ અને ૪૮૯/૨૦૨૩ થી નોંધાયેલા છે. સાટાખતની મુખ્ય શરતો પૈકી એક શરત મુજબ, જમીનના રેવેન્યૂ દફતરે બિપીન રોહિત (વકીલ) નું નામ દાખલ થાય અને ટાઈટલ ક્લીયર થાય કે તરત મને વેચાણ દસ્તાવેજો કરી આપવા. બીજી શરતો મુજબ તમામ જવાબદારીઓ બિપીનભાઈની હતી. પરંતુ વેચાણ દસ્તાવેજોમાં સ્ટેમ્પ ડ્યુટી ખુટતી હોવાથી તે પેન્ડીંગ રાખવામાં આવેલા. તે છોડાવવાનો તમામ ખર્ચ પણ તેમની વિનંતીથી વસુલ લેવાની શરતે મેં ભરેલો અને ભોગવેલો.

બિપીનભાઈ રેવેન્યૂ કાયદાના જાણકાર વકીલ હોવા છતાં તેમણે પરદેશમાં રહેતા જમીનમાલિકોના પાવરદાર તરીકે પોતાની જ તરફેણમાં કરાવેલ વેચાણ દસ્તાવેજોની રેવેન્યૂ દફતરે એન્ટ્રી ના-મંજૂર થઈ હતી. તેથી મામલતદાર, નાયબ કલેક્ટર અને કલેક્ટર કચેરીમાં અરજી/અપીલનો તમામ ખર્ચ બિપીનભાઈની વિનંતીથી વસુલ લેવાની શરતે મેં કરેલો. ક્લેક્ટર સાહેબ રૂબરૂની અપીલ મંજૂર થતાં, રેવેન્યૂ દફતરે બ્લોક નં.૧૨૦ માં તા.૧૩/૧/૨૦૨૬ ના રોજ અને બ્લોક નં.૧૨૨ માં તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ બિપીન રોહિત (વકીલ) નું નામ ચઢી ગયેલું. છેવટે એન્ટ્રી પ્રમાણિત થતાં બંને બ્લોકવાળી જમીનના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરી આપવા અને મેં ખર્ચેલી તમામ રકમ ચુકવી આપવા તેમણે મને ભરોસા, વિશ્વાસ અને બાંહેધરી આપ્યા હતા, જે મેં સાચા માન્યા હતા.

પ્રશ્નવાળી જમીનનો પુરેપુરો અવેજ ચુકવી આપ્યો હોવાથી અને મને કબજો સુપ્રત થઇ ચુક્યો હોવાથી પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો કરાવી લેવા હું હરહંમેશ રાજી અને તૈયાર હતો અને આજે પણ છું. પરંતુ બિપીન રોહિત (વકીલ) શરૂઆતથી મને ગંભીર ગુનાનો ભોગ બનાવવાની વેતરણમાં હતા. તેથી ખોટી બહાનાબાજી કરી સમય પસાર કરી આભાસી વિશ્વાસ આપતા રહયા હતા.

મારા હક્ક-અધિકાર અને કબજાવાળી જમીનો હવે બીજાને વેચવા બિપીન રોહિત (વકીલ) સક્રિય થયા છે. વધુ ગુના નહીં કરવા અને મારા નામના જમીનના વેચાણ દસ્તાવેજો કરી આપવા કહેતા તેઓએ શરત મુકી છેઃ ''માખીંગાની જમીન અંગે મારી તથા સરપંચ વગેરે વિરૂધ્ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે પલસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી FIR ની કોર્ટમાં પેન્ડીંગ ટ્રાયલમાં તમે દરમિયાનગીરી અને દબાણ કરી મારી મરજી મુજબનું સમાધાન કરાવી આપશો તો જ કપ્લેથાની જમીનના દસ્તાવેજો કરી આપીશ.''

પોતે માહયાવંશી સમાજના છે તેથી એટ્રોસીટીના ખોટા કેસમાં મને જેલમાં મોકલી આપવાની સતત ધમકી બિપીનભાઈ આપે છે, મોકલાવે છે. કોઈ માથાભારેને પાવરદાર બનાવી અસામાજિક તત્ત્વોને જમીનો વેચી દેવાની અને કબજો ઝૂંટવી લેવાની ધમકી આપે છે.

જેથી જાહેર હિતમાં જાહેર જનતાને જણાવવાનું કે, મારા કાનૂની હક્ક-અધિકાર અને કબજાવાળી મોજે કપ્લેથાની બ્લોક નં.૧૨૦ અને ૧૨૨ વાળી જૂની શરતની જમીનો અંગે કોઈએ બિપીન રોહિત (વકીલ) સાથે યા તેમના વતી, તરફે કોઈની પણ સાથે કોઈપણ પ્રકારના વહેવાર કરવા-કરાવવા નહીં. તેમ કરનારને કોઈ હક્ક પ્રાપ્ત થશે નહીં. બલ્કે, જોખમવાળી કાનૂની કાર્યવાઈમાં જોતરાવું પડશે.

જરૂર પડશે તો જાણભેદુએ આપેલી બાતમીની ખાતરી-ખરાઈ કરવા વિદેશમાં રહેતા બિપીનભાઈના લોહીના સગપણમાં ન હતા તેવા બીજા ધર્મના જમીનમાલિકો પાસેથી લેખિતમાં માહિતી-જાણકારી મેળવીશ. હું પોલીસમાં ફરિયાદ તથા અન્ય કાર્યવાઈ કરનાર છું.

અસીલની સૂચના અને ફરમાઈશથી, અમારી મારફતઃ
રમેશ કાપડિયા (વકીલ)
સમર્થ કાપડિયા (વકીલ)
'વકીલ વીલા', જૂની સ્ટેટ બેંકની સામે, નાનપુરા, સુરત.
મો.નં.૯૮૨૫૧-૨૭૩૧૩, ૯૮૭૯૭-૫૭૩૧૩

વિનોદ ઠાકરશીભાઈ પટેલ (વકીલ)
૩૩/૩૪, બીજો માળ, રાધા નગર,
અજરામર ચોક, ન્યૂ રાંદેર રોડ, સુરત.
મોબાઈલ નં.૯૦૩૩૩-૫૧૨૫૧
તા.૫/૭/૨૦૨૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જીલ્લા : નવસારી, તાલુકો : નવસારીના **મોજે ગામ : સુપા** ના ખાતા નં.૭૭૯, જુના સર્વે/બ્લોક નં.૧૨૪, **નવા રી સર્વે બ્લોક નં.૩૭૭,** જેનું ક્ષેત્રફળ હે.આરે. **૦-૩૩-૩૦** યાને **૩૩૩૦ ચો.મી.** જેનો આકાર ૫.૬૦ પૈસા છે. તે ખેતીની જમીનના રેકર્ડ પરના માલીક **દિપીકાબેન મહેશભાઈ પટેલ** એ ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી અને તેમની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટા ની ચાલી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, બેંક, કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, વારસાહકક, સંબંધ કે દાવો, ઈલાખો કે લીયન, વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે પોતાના હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી સદર જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી, અને મારા અસીલની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

તા.૦૪/૦૭/૨૦૨૬ સ્થળ.સુરત.
ઓફીસઃ ૧૦૫, એમ.કે. કોમ્પલેક્ષ,
હિરાબાગ, સુરત. મો. ૯૮૨૫૬ ૦૦૮૦૭

જયેશ જી. ધનાણી
તે ખરીદનારના એડવોકેટ

મોજે : કપ્લેથાના બ્લોક નંબર : ૭૩ વાળી જમીન અંગે જાહેર ચેતવણી

સુરત ડી. સબ ડી. ચોર્યાસીના મોજેઃ કપ્લેથાના રે.સર્વે નંબર : ૧૯/અ/૨/૧, ૧૯/અ/અ/૨/૨, ૧૯/૨/૩, ૧૯/અ/૨/૪, બ્લોક નંબર : ૭૩ વાળી જમીન જેનું ક્ષેત્રફળ હે. ૦-૫૨-૬૦ આરે ચો.મી. છે. સદર જમીનના મુળ માલીકો ધનુબેન લલ્લુભાઈ વિગેરે પાસેથી હમારા અસીલ આયશા યુસુફ પટેલે વેચાણ રાખેલ હોય અને સદરહુ જમીનમાં રહેણાંકના હેતુ માટેના પ્લોટોનું આયોજન કરી પ્લોટો પાડવામાં આવેલ અને સદરહુ જમીનમાં આવેલ કુલ પ્લોટ નંબર : ૧ થી ૬૦ વાળી મીલકત હમારા અસીલે વસીમ અકરમ હુસેન પટેલ તથા પટેલ મોહમદશરીફ યાકુબ વલીને વેચાણ સાટાખતથી વેચાણ આપવા નક્કી કરેલ પરંતુ વસીમ અકરમ હુસેન પટેલ તથા પટેલ મોહમદશરીફ યાકુબ વલીએ સાટાખતમાં જણાવેલ શરતોનું પાલન કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય તેમજ સાટાખતમાં જણાવેલ મુદ્દતમાં વેચાણ અવેજની પુરેપુરી રકમ પણ ચૂકવી આપેલ ન હોય જેથી સાટાખત આપોઆપ રદબાતલ જાહેર થાય છે. આમ, સદરહુ જમીન અંગે વસીમ અકરમ હુસેન પટેલ તથા પટેલ મોહમદશરીફ યાકુબ વલીને સદરહુ જમીન સાથે કોઈ પ્રકારનો હીત સંબંધ ન હોય જેથી વસીમ અકરમ હુસેન પટેલ તથા પટેલ મોહમદશરીફ યાકુબ વલી સાથે કોઈ પણ વ્યકિત કે સંસ્થાએ વેચાણ, ગીરો, બક્ષીસ જેવાં વહીવટો કે વ્યવહારો કરવા નહી. તેમ છતાં તેવા વહીવટો કે વ્યવહારો કરવા કરાવવામાં આવશે અથવા કરેલા હશે તો તેવી વ્યકિત કે સંસ્થાને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહી. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી. તા. ૦૫/૦૭/૨૦૨૬.

ઠે. ૧૧૧, સેઈન્ટપાર્ક, ગુજરાત ગેસ સર્કલની પાસે, અડાજણ રોડ, સુરત. મો. નં. ૯૦૩૩૬-૪૬૪૯૨.

મારી મારફત
મંથન સી. પટેલ (એડવોકેટ)

ટાઈટલ કલીયરન્સ બાબત વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીક્ટ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ હાલ મજુરા તાલુકા શહેર સુરતના **મોજે ગામ બમરોલીના સર્વે નં.૨૦૫, બ્લોક નં. ૨૮૭** થી નોંધાયેલી જમીન, જેનું ક્ષેત્રફળ ૧૨૯૫૦ સમ ચો.મી. છે, જેનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૫૮ (બમરોલી), ફાયનલ પ્લોટ નં. ૧૩૦ છે, તે જમીનમાં આયોજીત **''શ્રી રામ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.સોસાયટી (સુચિત)''** ના નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૪૭,** જેનું ક્ષેત્રફળ સુમારે ૧૬ X ૭૦ ચો.ફુટ યાને ૧૨૪.૪૪ ચો.વાર યાને ૧૦૪.૦૯ ચો.મી. છે, તે જમીન અમલા ઈમારત સહિતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત ના સંપુર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર **જયેશકુમાર ડાહ્યાલાલ પટેલ** ચાલી આવેલ હોવાનું જણાવી તથા સદરહુ મીલકતને લગતો તેઓના નામનો જુનો અનુ નં. ૧૩૭૭૪, તા.૩૦/૧૨/૨૦૦૪, નવો અનુ નં.૨૭૪૫, તા.૨૪/૦૨/૨૦૦૬ વાળા વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ ઘણી શોધખોળ કરવા છતા મળી આવેલ નથી યાને ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી તથા સદરહુ મિલકતના ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તે મુજબનો વેચાણ દસ્તાવેજ હમારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે. જેથી સદરહુ મિલકત અંગે જે કોઈ શખ્સ, ઈસમ કે કોઈ વ્યક્તિના કોઈના કોઈપણ જાતના લાગભાગ, દર-દાવા, હક્ક, હિત, હિસ્સો, લીયન કે બેંક કે બેકિંગ જેવી સંસ્થાની લોન, કરજ, બોજો હોય તો તેઓએ **દિન : ૭** માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં હમોને જાણ કરવી. મુદત વિત્યાબાદ કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજી હમારા અસીલ વેચાણનો પાકો દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ તરતકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જયેશ આર. દાણેચા તે ખરીદનારના એડવોકેટ
મો.નં. ૯૮૨૫૪ ૬૬૯૦૧
-:: ઓફિસ ::-
વેસુ : ૨૦૭, બીજોમાળ, અવધ એરેના, શ્રી ખાટુ શ્યામ મંદિર પાસે, VIP રોડ, વેસુ, સુરત.
સીટી : ૧૦/૭૬૩, ઓફિસ નં.૨, રામેશ્વર એપાર્ટમેન્ટ, રતન શંકર માસ્તરની શેરી, અંબાજી રોડ, સુરત.

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ નવસારી, સબ-ડીસ્ટ્રીકટ જલાલપોરના **મોજે ગામ નીમલાઈના** રે.સર્વે નં.૨૨૬/૩, **બ્લોક નં.૩૨૨** વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૧ થી ૧૯ (રોડ, કોમન પ્લોટ, સેટ બેંક એરીયા સહીત) (સીટી સર્વે દફતરે વોર્ડ-નીમલાઈ, શીટ નં.NA૯૯, સીટી સર્વે નં.NA૩૨૨/૧ થી NA૩૨૨/૧૯) જેનું કુલ ક્ષેત્રફળ ૩૬૯૭ ચો.મી. છે તે બિનખેતીની જમીન **જીજ્ઞેશ મહેશભાઈ અમીન અને અનુપા જીજ્ઞેશ અમીન** નાઓએ તેઓની સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ જમીનના વેચાણ સામે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય યા સદરહુ જમીનમાં મજકુર માલીક સીવાય અન્ય કોઈપણ વ્યકતી, સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક-હીસ્સો, હિતસબંધ, કબજો ભોગવટો કે લેણું હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી દિન-૭ માં અમોને પુરાવા સહીત લેખીતમાં નીચેના સરનામે જાણ કરવી. મુદત વીત્યેથી સદરહુ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હીસ્સો હિતસબંધ કે લેણા નથી અને હોય તો તેઓએ જતા કરેલા હોવાનું માની લઈ અમારા અસીલ સદરહુ જમીનનો વેચાણ અવેજ ચુકવી જરૂરી દસ્તાવેજો/લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ : ૪૦૧, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧ ગુજરાત. મો.૮૪૬૯૫ ૧૬૦૦૯

મેઘા એન. સુખડવાલા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ નવસારી, સબ-ડીસ્ટ્રીકટ જલાલપોરના **મોજે ગામ મગોબના બ્લોક/સર્વે નં.૨૭૦** વાળી સુમારે હે.આરે. ચો.મી. ૦-૯૭-૧૨ ક્ષેત્રફળ વાળી ખેતીલાયક જમીન **જીજ્ઞેશ મહેશભાઈ અમીન અને અનુપા જીજ્ઞેશ અમીન**નાઓએ તેઓની સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ જમીનના વેચાણ સામે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય યા સદરહુ જમીનમાં મજકુર માલીક સીવાય અન્ય કોઈપણ વ્યકતી, સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક-હીસ્સો, હિતસબંધ, કબજો ભોગવટો કે લેણું હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી દિન-૭ માં અમોને પુરાવા સહીત લેખીતમાં નીચેના સરનામે જાણ કરવી. મુદત વીત્યેથી સદરહુ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હીસ્સો હિતસબંધ કે લેણા નથી અને હોય તો તેઓએ જતા કરેલા હોવાનું માની લઈ અમારા અસીલ સદરહુ જમીનનો વેચાણ અવેજ ચુકવી જરૂરી દસ્તાવેજો/લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ : ૪૦૧, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧ ગુજરાત. મો.૮૪૬૯૫ ૧૬૦૦૯

મેઘા એન. સુખડવાલા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

અમારા અસીલની સુચના અને ફરમાઈશ થી જાહેર કરવાનું કે સુરત ડી. તા. **મજુરાના મોજે ગામ અલથાણ ના રે.સ.નં. ૬૭/૨ બી, ૬૭/૨ સી, જેનો ટી.પી. સ્કીમ નં. ૩૬** તથા **ફા. પ્લોટ નં. ૪૩** વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ **વસંતવિહાર ટાઉનશિપ** ના બિલ્ડીંગ નં. **એ/૧** ના **ચોથા માળે** આવેલ **ફલેટ નં. ૪૦૨** વાળી મિલકત જેનું ક્ષેત્રફળ ૯૬.૯૯ ચો. મી. વાળી મિલકત તથા તળ ની જમીન માં વણ વહે. હિસ્સા વાળી મિલકત **અશોકકુમાર હનુમાન પ્રસાદ ગોએલ** તથા **સતીષ કુમાર હનુમાન પ્રસાદ ગોએલ** કનેથી **શ્રી અંબે ટેક્સટાઈલ,** એક ભાગીદારી પેઢી તરફે તેના વહીવટકર્તા ભાગીદાર **દિપક સુભાષ અગ્રવાલ**એ ખરીદ કરેલ જે અંગે નો વેચાણ દસ્તાવેજ મે. સુરતના ઉધના સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુ. નં. ૬૭૩૪ થી તા. ૨૯/૦૮/૨૦૦૩ થી નોંધાયેલ. જેનો નવો નં. ૨૪૨૮૮ તા. ૨૩/૧૨/૨૦૦૮ થી પડેલ. સદર ભાગીદારી છૂટી થતાં **ચિરાગ અશોક ગોએલ** સદર મિલકતના માલિક બનેલા. તેઓ કનેથી સદરહુ મિલકત **ગરિમા અમીતકુમાર જૈન**એ બક્ષિસ દસ્તાવેજથી મેળવેલ તથા મિલકતના માલિક બનેલા. સદર ઉપર જણાવેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૭૩૪, તા. ૨૯/૦૮/૨૦૦૩ ની **ઓરિજિનલ રજીસ્ટ્રેશન રસીદ ગેરવલ્લે યાને ગુમ થયેલ છે.** જેથી સદર ઓરિજિનલ રજીસ્ટ્રેશન રસીદ કોઈ પણ વ્યક્તિના કબજામાં ચાલી આવેલ હોય તો તે અંગે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તેમના લેખિત વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત અમોને મોકલી આપવા. તેમ થવામાં કસૂર થયેથી સદર મિલકતમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિતો કે બોજો કે ગીરો કે લિયનના હક્કો નથી અને હોય તો તે વેવ યાને જતાં કરેલા હોવાનું ગણી લેવામાં આવશે. તેની લગતા વળગતાઓએ નોંધ લેવી. (તા.૦૫/૦૭/૨૦૨૬)

ઓફિસઃ ડી/૯૦૧, વીર સ્વસ્તિક હાઈટ્સ,
ભૂલકાવિહાર શાળા સામે, ભાઠા,
સુરત-૩૯૪૫૧૦. Mo: ૯૯૯૮૨૧૯૦૩૦

ગીતા જી. ભગત
(એડવોકેટ : નોટરી)

જાહેર ખુલાસો - ચેતવણી

-:: મોજે : જહાંગીરપુરા, બ્લોક નં. ૫૦/અ વાળી જમીન અંગેની જાહેર નોટીસનો વળતો ખુલાસો સાથે ચેતવણી ::-

આ જાહેર નોટીસથી તમામ જાહેર જનતા પ્રોપર્ટી બ્રોકર, ડેવલપર, નાણાકીય સંસ્થાઓ અને લાગતા વળગતા તમામને જણાવવાનું કે, મારા અસીલશ્રી રમેશભાઈ નારણભાઈ ઘડુક ની કાનુની સુચના અને ફરમાઈશથી આ નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે કે :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ અડાજણના મોજે જહાંગીરપુરાના બ્લોક નં. ૫૦/અ (રે.સ.નં. ૩૮/૨ અને ૫૩/૧) વાળી જમીનમાં મગનભાઈ મનજીભાઈ સભાયાનો ૧/૪ વણ-વહેંચાયેલ હિસ્સો (ક્ષેત્રફળ : ૧૨૩૪ ચો.મી.) આવેલ છે.

મારા અસીલે સદર મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ રૂા.૫૦,૬૦,૦૦૦/- પુરા મગનભાઈ સભાયાને ચુકવી આપેલ છે અને તેઓએ તા.૩૦/૦૩/૨૦૧૬ નાં રોજ કબજા સહીતનો વેચાણ કરાર કરી આપેલ છે અને મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો મારા અસીલને સુપ્રત કરેલ છે.

આ સંપુર્ણ અવેજ સ્વીકાર્યા બદલ મગનભાઈ સુભાયા દ્વારા મારા અસીલની તરફેણમાં તા.૩૦/૦૩/૨૦૧૭ ના રોજ રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામું કરી આપવામાં આવેલ છે. જે પાવર ઓફ એટર્ની મહે.રાંદેરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકના અનુક્રમ નં.૨૬૦ થી તા.૧૦/૦૪/૨૦૧૭ ના રોજથી નોંધાયેલ છે. આ પાવર ઓફ એટર્નીની શરતો મુજબ તે ''રદ ન થઈ શકે'' (Irrevocable PoA) તે પ્રકારનું છે અને મગનભાઈ સભાયા કે તેમના વારસદારો મજકુર પાવર ઓફ એટર્ની એકતરફી રદ કરી શકે નહી.

તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મગનભાઈ મનજીભાઈ સભાયા દ્વારા તેમના એડવોકેટશ્રી જય પી. આઈસ્ક્રીમવાલા મારફતે ગુજરાત મિત્ર દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરાયેલી જાહેર નોટીસ તદ્દન ખોટી, પાયાવિહોણી, બદનક્ષીકારક અને ગેરકાયદેસર છે. મારા અસીલ દ્વારા કોઈ કપટ કે વિશ્વાસઘાત કરવામાં આવેલ નથી. મગનભાઈ સભાયા બદ દાનતથી અને મારા અસીલના કાનુની હકકોને નુકશાન પહોંચાડવાના ઈરાદે આ કૃત્ય કરી રહેલ છે.

ઈન્ડીયન કોન્ટ્રાકટ એકટની કલમ-૨૦૨ (Agency Coupled With Interest) મુજબ જયારે પાવર સ્વીકારનારનું મિલકતમાં આર્થિક હિત જોડાયેલુ હોય અર્થાત પુરેપુરો અવેજ ચુકવાઈ ગયેલ હોય ત્યારે આવો પાવર ઓફ એટર્ની કોઈપણ સંજોગોમાં એકતરફી રદ કરી શકાય નહિં.

આથી મગનભાઈ સભાયા દ્વારા તેમના એડવોકેટશ્રી જય પી. આઈસ્ક્રીમવાલા મારફત અપાયેલી જાહેર નોટીસ રદ બાતલ છે. જો કોઈ વ્યકિત કે સંસ્થા મગનભાઈ સભાયા સાથે આ મિલકત અંગે કોઈ વ્યવહાર કરશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિં અને તેના સંપુર્ણ જોખમ અને ખર્ચની જવાબદારી જે તે વ્યવહાર કરનારની વ્યકિતગત રહેશે. તેમ છતાં પણ જો કોઈ સદર મિલકત બાબતે વહીવટ, વેચાણ, ગીરો, ઈત્યાદી કરશે તો તેઓને કોર્ટ પ્રકરણ સિવાય કશું જ પ્રાપ્ત થશે નહિં. જેની આથી ગંભીર નોંધ લેવી.

તા.૦૫/૦૭/૨૦૨૬
ઓફિસ : ૮, જલારામ બીલ્ડીંગ,
ડોકટર હાઉસ પાસે, હિરાબાગ,
વરાછા રોડ, સુરત.
મો. ૯૮૨૫૩ ૪૭૦૭૩, ૯૫૧૨૦ ૭૧૪૯૯

મારી મારફત
હરેશ એલ. પટેલ
એડવોકેટ

ટાઈટલ ક્લીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : પલસાણા, ગામ : વણેસા, નવો બ્લોક/સર્વે નં. ૫૮૧ તથા બ્લોક/સર્વે નં.૫૮૨ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ અનુક્રમે ૩૬૪૨ સ.ચો.મી. તથા ૬૩૭૪ સ.ચો.મી. જમીનના સ્થળ ઉપર તથા રેવન્યુ રેકર્ડ દફતરે માલિક/કબજેદાર તરીકે તેજસકુમાર પંકજભાઈ દેસાઈ, રહેવાસી : ભગત ફળીયું, ગામ : પલસાણા, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરતના ચાલી આવેલ છે. તેઓએ સદર જમીનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૭૨૮૫ / ૨૦૨૬ તથા વેચાણ દસ્તાવેજ નં. ૭૨૮૪ / ૨૦૨૬ થી વેચાણ રાખેલ છે. જેઓએ સદર ખેતીની જમીન તેમની સ્વતંત્ર કમાણીમાંથી વેચાણ રાખેલ. જે ખેતીની જમીનોમાં માલિક/કબજેદાર સિવાય અન્ય કોઈનો હક્ક, હિત, હિસ્સો સમાયેલ નથી. જે ખેતીની જમીનો તેઓએ અન્ય કોઈને વેચાણ/તબદીલ કરવાના કરાર/લખાણ કરેલા ન હોવાની હકીકત તેમજ સદર ખેતીની જમીનો ઉપર કોઈપણ પ્રકારનું ફાયનાન્સ લીધેલ ન હોવાની હકીકતો તથા સદર જમીનનો અસલ ટાઈટલ ડીડ્ઝ તેમના કબજામાં ચાલી આવેલ હોવાની હકીકત હમારા અસીલને જણાવેલ છે. જેથી તેઓએ હમારા અસીલને આપેલ ખાત્રી અને વિશ્વાસ ઉપર આધાર રાખી હમારા અસીલે સદર ખેતીની જમીન તેઓ પાસેથી ખરીદ કરવાનું નક્કી કર્યુ છે. ભવિષ્યમાં ખોટી તકરારને અવકાશ ન રહે એવા શુભ આશયથી આ જાહેર નોટીસથી તમામને તાકીદ કરવાની કે, સદર ખેતીની જમીનોમાં જો કોઈ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે બેંકનો કે અન્ય કોઈ ઈસમનો કાંઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગ-ભાગ, દર-દાવો કે ઈઝમેન્ટના કે ખોરાકી-પોષાકીના હક્કો હોય તેમજ કોઈના કોઈપણ પ્રકારનો સાટાખત, સોદાચિઠ્ઠી, કબજા કરાર કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો/કરારો ચાલી આવેલ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સહીત તેમના લેખિત વાંધાઓ હમો એડવોકેટશ્રીને નીચેના સરનામે પહોચાડવા. જો નિયત સમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધાઓ કે તર-તકરાર આવશે નહિં તો મુદત વિત્યે હમારા અસીલ સદર ખેતીની જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો કે તર-તકરાર નથી અને હોય તો તે વેવ યાને જતા કર્યા છે, એમ સમજી સદર ખેતીની જમીન માલિક/કબજેદારોને વેચાણ અવેજની રકમ ચૂકતે ચુકવી આપી શુધ્ધબુધ્ધિપૂર્વકના જમીન ખરીદનાર હોવાનું માની તેઓ કનેથી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં, જેની લાગતાં વળગતાં સૌએ નોંધ લેવી.

ઓ. ૪૦૨, ચોથોમાળ, સુંદરમ પ્લસ,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સામે,
અથ્થુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત.
મો. ૯૯૦૯૨ ૮૪૭૦૫

રિનેશ એમ. ખડાવાલા
તે
ખરીદનારના એડવોકેટ

મોજે માણેકપોરના બ્લોક નં. ૩૪૭ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, બારડોલી સબ ડીસ્ટ્રીકટ, મોજે માણેકપોરના સર્વે નં. ૩૧૪, બ્લોક નં. ૩૪૭ વાળી હેકટર ૩ - ૭૮ આરે - ૩૮ ચો. મી. જરાયત તથા હેકટર ૧ - ૦૬ આરે - ૨૩ ચો. મી. પોત ખરાબા વહેણની મળી કુલ્લે હેકટર ૪ - ૮૪ આરે - ૬૧ ચો. મી., જેનો આકાર રૂા. ૨૩.૨૫ પૈસા છે તે જમીન મહેસુલી રેકર્ડ ઉપર રીમાબેન રમેશભાઈ પટેલના નામે ચાલે છે. તેઓએ ઉપરોકત જમીન મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાની કબુલાત આપી છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હક્ક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહીં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મહર્ષિ હિતેશ લાચવાલા (તે ખરીદનારના એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

સોદો રદ કર્યા અંગેની જાહેર નોટીસ

મોજે અસનાડના બ્લોક નં.૪૯૦/અ/૧ વાળી ખેતીની જમીન અંગે

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે : અસનાડના ખાતા નં : ૮૧૬, બ્લોક નંબર : ૪૯૦/અ/૧ જેનું કુલ્લે ક્ષેત્રફળ હે. ૦-૪૭-૫૬ આરે ચો.મી. છે.જેનો આકાર રૂા. ૪.૫૦ પૈસા વાળી ખેતીની જુની જમીન અંગે વેચાણ અંગેની જાહેર નોટિસ અમારા અસીલએ તારીખ ૨૧/૦૬/૨૦૨૬ ના રોજ એડવોકેટશ્રી ગેમલસિંહ એમ.ઠાકોર અને રીશીરાજ ગેમલસિંહ મારફત ગુજરાતમિત્ર અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સદર જમીન બાબતે ખરીદનાર અને જમીન માલિકો (વેચનાર) વચ્ચે થયેલ વાતચીત મુજબનો સોદો સંજોગોવસાત આગળ વધી શકે તેમ ન હોય, જેથી આજરોજ ખરીદનાર-વેચનાર બન્નેની સંમતિથી સદર સોદો અત્રેથી રદ કરવામાં આવે છે આથી, તારીખ ૨૧/૦૬/૨૦૨૬ ની નોટિસ અન્વયે હવે કોઈએ પણ હક્ક, હિસ્સો કે વાંધો રજૂ કરવાની જરૂર રહેતી નથી હવે પછી સદર જમીનના માલિક આ જમીન વેચાણ, બક્ષિસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરી શકો જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા. ૦૫/૦૭/૨૦૨૬)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
ઓફિસઃ ૧, આસ્થા એવેન્યુ, હાંથીસા રોડ,
ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત-૩૯૪૫૪૦
મો. ૯૭૨૫૧-૪૪૭૪૩

ભાવિક ડી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા ઉધના, મોજે ગોડાદરાના સર્વે નં. ૧૦૦/૩ વિગેરે, બ્લોક નં. ૧૦૦, ૧૦૧, જે ટી.પી.સ્કીમ નં.૬૯, ફા.પ્લોટ નં.૩૨ થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં આયોજીત સાંઈદર્શન સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી નં. ૮૬ વાળી ભોંયતળીયાના બાંધકામવાળી મીલકત (૧) કવિતા ગોવિંદ ઝા તથા (૨) આરતી અરૂણ ઝા પાસેથી હમારા અસીલ કિશોર કૌતિકભાઈ પાટીલ એ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૧૫૩૮ તા.૨૯/૫/૨૦૨૬ થી ખરીદ કરી સ્વતંત્ર માલીક, મુખત્યાર તેમજ પ્રત્યક્ષ કબજેદાર તરીકે ચાલી આવેલ છે. અને સદરહુ મીલકતના અગ્રહકકધારીના લાભમાં થયેલ (૧) રજી.વે.દ.નં. ૧૮૦૯૦/૨૦૦૮ ની રજી. ફી ભર્યાની પાવતી અસલ તથા (૨) અસલ રજી. વે.દ.નં. ૧૩૭૨૦/૨૦૧૬ તથા તેની રજી. ફી ભર્યાની રસીદ અસલ ઉધઈ લાગી જવાથી આંશિક નાશ પામેલ હોવાનું જણાવેલ છે. જેથી સદરહુ મીલકતના ઉપરોકત અસલ વેચાણ દસ્તાવેજો/અસલ રજી. ફી ભર્યાની રસીદો અન્વયે કોઈના કોઈપણ રીતના હકક હોય કે લીયન યા કોઈપણ વ્યકિત, બેંક/ સંસ્થાના કોઈપણ પ્રકારના હક્ક, હિત, અધિકાર હોય યા વેચાણ રાખવાના હકકો ચાલી આવેલા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં વાંધા દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખિતમાં મોકલી આપવા. જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઈ પણ વ્યકિત કે સંસ્થાનો કોઈ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઈ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઈ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની ટાઈટલ કલીયરન્સ આપવા અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની તરતકરાર ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

ઓઃ યુજી/૫, શિવાલીક સ્કેવેર એસી માર્કેટ,
ડીંડોલી, સુરત મો.નં. ૯૮૨૫૩૭૧૨૯૮

ગણેશ મરાઠી
એડવોકેટ એન્ડ નોટરી

મોજે : એરથાણ, તા. પલસાણા, જી. સુરતના સર્વે નં. ૧૩૩, ૧૩૪, બ્લોક નં.૧૫૭/અ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ- ડીસ્ટ્રીકટ પલસાણાના મોજે ગામ -એરથાણના સર્વે નંબર : ૧૩૩, ૧૩૪, બ્લોક નંબર : ૧૫૭/અ કે જેનું ક્ષેત્રફળ સુમારે હે. ૧ - ૦૧ આરે - ૧૭ ચો.મી. કે જેનો આકાર રૂા.૧૨.૮૭ પૈસા, ખાતા નંબર : ૧૫૮ છે તે ખેતીની જૂની શરતની જમીન તેના માલીક (૧) દિપકભાઈ રમેશભાઈ નાયક, (૨) હિનાબેન દિપકભાઈ નાયક, (૩) સુજનકુમાર દીપકભાઈ નાયક તથા (૪) રૂત્વીબેન દિપકભાઈ તે વિરલભાઈ દેસાઈના પત્નીનાઓએ પોતાની સંયુક્ત માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૦૫/૦૭/૨૦૨૬

હિતેશ જે. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૮૮

અમર બી. જરીવાલા
એડવોકેટ
મો. ૯૦૧૬૨૫૬૨૯૯

ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ ચોર્યાસી નાં ગામ મોહણીનાં સર્વે નં. ૧૮૯ જેનો બ્લોક નં : ૩૧૨ જેનું કુલે ક્ષેત્રફળ ૦.૪૫.૫૩ વાળી બિનખેતી પ્રીમિયમ ને પાત્ર જમીન માંથી ૩૪૧૪.૭૫ ચો.મી જમીન ધર્મેશ ઇટવાળા લીધી હતી પરંતુ જે તે સમયે ખેડૂતોને એક પણ રૂપિયા ચૂકવેલા ન હતા. ત્યારબાદ આ જમીન ધર્મેશ લખું પટેલ (બાપુ) એ સુધીર મગન પટેલ સાથે વેચાણથી લેવા નક્કી કરેલ ધર્મેશ લખું(બાપુ) ને ખબર હતી કે સદરહું જમીનમાં હમારા અસીલ અલ્પેશ કંથારીયા નું સાતાખત છે. જેથી ધર્મેશ લખું(બાપુ) તથા સુધીર મગને સદરહું જમીન નો સોદો હમારા અસીલ સાથે કરેલો અને સોદા ચિઠ્ઠી બનાવેલ અને તેઓને ખબર હતી કે સદરહું જમીન નો ઓરીજનલ વે.દસ્તાવેજ પણ હમારા અસીલ પાસે છે. તેમ છતાં ધર્મેશ(બાપુ) અને સુધીર મગન ની નિયત બગડતા ઓરીજનલ સોદા ચિઠ્ઠી પણ ધર્મેશ લખું(બાપુ) પાસે જ રહેવા દીધી હતી અને હમારા અસીલ ને ઓરીજનલ સોદા ચિઠ્ઠી આપેલ ન હતી. અને તેઓ બંને એ ધર્મેશ ઇટવાળા ને રૂપિયાની લાલચ આપી સદરહું જમીન નો વે. દસ્તાવેજ કરાવી લીધેલો અને ખેડૂતો નાં એકાઉન્ટ માં ચેક થી રૂપિયા આવેલા તેમાંથી ૩૦,૦૦,૦૦૦ રૂપિયા સુધીર મગન તથા બાકીના રૂપિયા ધર્મેશ લખું (બાપુ) ઉઠાવી ગયેલા હતા. અને તેઓ એ હમારા અસીલ સાથે બીજા એક પ્લોટ પણ છેતરપિંડી અને વિશ્વાસઘાટ કરેલ છે. આમ સદરહું જમીન માં હમારા અસિલનો વે.સાટાખત હોવાનું જાણવા છતાંધર્મેશ લખું(બાપુ) તથા સુધીર મગને એ વે.દસ્તાવેજ બનાવી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૮, ૩૬૬(૩), ૩૪૦(૧), ૩૪૦(૨), ૩૧૮(૪), ૩૧૬(૨) નો ગુન્હો કરેલ હોય હમારા અસીલ ઉપરોકત બંને વિરુધ્ધ ક્રિમિનલ રાહે તથા સીવીલ રાહે ફરિયાદ કરનાર છે. આ જમીન પ્લોટ અંગે કોઈ એ પણ કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહી. નહી તો તર-તકરાર સિવાય કઈ પણ કોઈ ને મળશે નહી.

(અલ્પેશ. કે. કંથારીયા)

તા.૦૫/૦૭/૨૦૨૬

જીતેન્દ્ર એ. વાકાંવાલા એડવોકેટ
ઓફીસ : શ્રી ગેલેરીયા, ૪૨૮-૪૨૯, ચોથો માળ, સંજીવકુમાર ઓડીટોરીયમની બાજુમાં, પાલ-અડાજણ, સુરત. મોઃ ૯૮૨૫૩-૨૪૯૭૮.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **સુરત** સબ-ડીસ્ટ્રીકટ તાલુકે **કામરેજ**નાં (૧) મોજે ગામ **આસ્તા**નાં **રે.સ.નં.૧૨૮ પૈકી,** કે જેનો **રીસર્વે બાદ નવો સર્વે/બ્લોક નં.૨૦૩** (કે જેનો **રિસર્વે પહેલાનો બ્લોક નં.૧૯૬** છે) થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૧-૫૪-૧૬ ચો.મી.** યાને **૧૫,૪૧૬ ચો.મી.** વાળી ખેતીની જમીન, કે જેનો **ખાતા નં.૨૧૧** થી નોંધાયેલ ખેતીની જમીન તથા (૨) મોજે ગામ **સેવણી**નાં **રે.સ.નં.૩૨૩+૩૨૪,** કે જેનો **રીસર્વે બાદ નવો સર્વે/બ્લોક નં.૯૭૧** (કે જેનો **રીસર્વે પહેલાનો બ્લોક નં.૨૭૪/અ** છે.) થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૦-૩૨-૯૩ ચો.મી.** યાને **૩,૨૯૩ ચો.મી.**વાળી ખેતીની જમીન, કે જેનો **ખાતા નં.૯૧૨** થી નોંધલ ખેતીની જમીન. સદરહુ બંને ગામની મજકુર જમીનોનાં માલીકો **(૧) લલીબેન ઉર્ફે લલીતાબેન જેઠાભાઈ પટેલ તે જયંતિભાઈની પત્ની (૨) ઉર્મિલાબેન જેઠાભાઈ પટેલ તે કાંતુભાઈની પત્ની તથા (૩) સુરેશભાઈ જેઠાભાઈ પટેલ**ની સંયુક્ત માલીકી અને પ્રત્યેક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી મજકુર માલીકોનાં **રજી.પાવરદાર અરવિંદભાઈ મગનભાઈ પટેલ**નાએ અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોક્ત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડક્તરો બોજોનો હકક, દાવો, વેચાણ, ભેટ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેંડિંગ, કોઈ બેંક, સંસ્થા, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લિયન, સિક્યુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, આવવા-જવાના રસ્તાના હકક, ઈઝમેન્ટ, એકવીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે તબદીલીને લગતા કોઈ લખાણો અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબિક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોક્ત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તકરાર કે હકક દાવો ચાલશે નહિ તે તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક-હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા-વળગતા તમામે યાને જાહેર જનતાએ નોધ લેવી. તા. ૦૫/૦૭/૨૦૨૬

પરેશ એમ. દિયોરા મો. ૯૮૭૯૦૧૧૭૧૨
નીતા પી. દિયોરા મો. ૯૯૦૯૦૩૦૩૦૪
ખરીદનારના એડવોકેટ્સ
ઓફિસ : ૪૦૩/એ ચોથા માળ, ઉત્સવ કોમ્પલેક્સ, ચોપાટીની સામે, નાના વરાછા, સુરત.